# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 04-06-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર કરણ મકવાણા વાંચે છે.

***************************************************

1) ખરાબ હવામાન અને વિપરિત સ્થિતિને કારણે સિક્કિમના લાચેન અને ચાટેનમાં રાહત અને બચાવ કામગીરીમાં વિલંબ.

2) આતંકવાદ સામેની ભારતની લડાઇને ટેકો આપવાના બ્રિટનના અભિગમની ભારતે પ્રશંસા કરી.

3) લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી દ્વારા ઓપરેશન સિંદૂર અંગે ભોપાલમાં કરાયેલી કથિત ટિપ્પણીની ભાજપે ટિકા કરી.

4) ચૂંટણી પરીણામોમાં ભારે સરસાઇને કારણે દક્ષિણ કોરિયાના વિપક્ષના નેતા લી જે-મ્યુંગનું નવા રાષ્ટ્રપતિ બનવાનું નિશ્ચિત.

5) અમદાવાદ ખાતે રમાયેલી IPLની રસાકસી ભરી ફાઇનલમાં પંજાબને હરાવીને રોયલ ચેલેંન્જર બેંગ્લુરૂ ચેમ્પિયન બન્યું.

.............................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# SIKKIM - IAF

સિક્કિમમાં ખરાબ હવામાનને કારણે લાચેન અને ચાટેન ખાતે સ્થળાંતર પ્રક્રિયા હજુ શરૂ થઈ નથી. ખરાબ હવામાનને કારણે ભારતીય વાયુસેનાનું હેલિકોપ્ટર કામ કરી શક્યું ન હતું. પરંતુ સત્તાવાર સૂત્રોએ જણાવ્યું હતું કે ભારતીય વાયુસેનાનું હેલિકોપ્ટર અને એનડીઆરએફની ટીમો મંગન જિલ્લામાં ફસાયેલા મુસાફરોને બહાર કાઢવા માટે તમામ સંભવિત વિકલ્પોનો પ્રયાસ કરી રહી છે. ગઈકાલે ભારતીય વાયુ સેના અને એનડીઆરએફની ટીમો દ્વારા 34 લોકોને સુરક્ષિત રીતે બચાવી લેવામાં આવ્યા હતા.

મંગનના જિલ્લા કલેક્ટર અનંત જૈને જણાવ્યું હતું કે લાચેનમાં હજુ પણ લગભગ 130 પ્રવાસીઓ ફસાયેલા છે. તેમણે કહ્યું કે તેઓ બધા સુરક્ષિત છે અને તેમની હોટલમાં રોકાયેલા છે. તેમણે કહ્યું કે લાચેન ખાતે મોબાઇલ સંચાર વિક્ષેપિત થયો છે પરંતુ એનડીઆરએફના સેટેલાઈટ ફોન દ્વારા સંપર્ક થઇ રહ્યો છે.

# MISRI UK GOVT

આતંકવાદ સામેની લડાઈમાં બ્રિટન સરકાર દ્વારા અપાયેલા સમર્થનની ભારતે  પ્રશંસા કરી છે. વિદેશ સચિવ વિક્રમ મિસરીએ ગઈકાલે વિદેશ, કોમનવેલ્થ અને વિકાસ કાર્યાલયના સચિવ ઓલિવર રોબિન્સ સાથેની તેમની બેઠક દરમિયાન નવી દિલ્હી દ્વારા કરાયેલી આ પ્રશંસા તેમની સમક્ષ વર્ણવી હતી.

નવી દિલ્હી ખાતે 17મી ભારત- બ્રિટન વિદેશ કાર્યાલય પરામર્શ અને પ્રથમ વ્યૂહાત્મક નિકાસ અને ટેકનોલોજી સહકાર સંવાદ દરમિયાન આ ચર્ચા યોજાઈ હતી. વિદેશ મંત્રાલય દ્વારા પ્રસિધ્ધ કરાયેલા નિવેદન અનુસાર, ભારત અને યુકે વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારો છે.

# BJP-CONGRESS

ભાજપે લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીની ઓપરેશન સિંદૂર અંગેની કથિત ટિપ્પણી અંગે નારાજગી વ્યક્ત કરી છે. સોશિયલ મીડિયા પર શેર કરવામાં આવેલા એક વીડિયોમાં ભાજપના સાંસદ સંબિત પાત્રાએ આરોપ લગાવ્યો છે કે શ્રી ગાંધીએ ઓપરેશન સિંદૂર, ભારતીય સેના અને દેશનું અપમાન કર્યું છે.

ગઈકાલે ભોપાલમાં એક કાર્યક્રમ દરમિયાન કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીની ટિપ્પણી પર પ્રતિક્રિયા આપતા શ્રી પાત્રાએ કહ્યું કે, આવી ટિપ્પણીઓ અયોગ્ય છે. અને એક રાજકારણીને છાજે તેવી નથી

## (બાઇટ- સંબિત પાત્ર, નેતા , ભાજપ)

# MAHA - MILITARY TRAINING

મહારાષ્ટ્રના શાળા શિક્ષણ મંત્રી દાદા ભુસેએ જાહેરાત કરી હતી કે, રાજ્ય સરકાર પહેલા ધોરણથી વિદ્યાર્થીઓ માટે મૂળભૂત લશ્કરી તાલીમ શરૂ કરશે.

મંત્રી ભુસેએ જણાવ્યું કે, નિવૃત્ત સૈનિકો, રમતગમતના શિક્ષકો, નેશનલ કેડેટ કોર્પ્સ (NCC) ના સભ્યો અને સ્કાઉટ્સ એન્ડ ગાઇડ્સની આ તાલીમ આપવામાં મુખ્ય ભૂમિકા ભજવશે. તેમણે કહ્યું કે, આ નિર્ણયનો હેતુ દેશ પ્રત્યે પ્રેમ વધારવાનો અને નિયમિત કસરતો અને શિસ્તની આદતો વિકસાવવાનો છે, જેનાથી વિદ્યાર્થીઓને આજીવન લાભ થશે.

આ યોજનાનો અસરકારક અમલીકરણ સુનિશ્ચિત કરવા માટે, સરકાર હાલની શાળાઓ અને યુવા સંસ્થાઓમાં વધારાનાં આશરે 2.50 લાખ ભૂતપૂર્વ સૈનિકોને સામેલ કરવાની યોજના ધરાવે છે.

# AP-YOGANDHRA CELEBRATIONS

આંધ્રપ્રદેશ સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલા યોગ આંધ્ર 2025 અભિયાનના ભાગરૂપે, ગઇકાલે શ્રીકાકુલમ જિલ્લાના દરિયાકાંઠાના ગામ પેદ્દા ગણ-ગલ્લાવનિપેટામાં થીમ આધારિત યોગ સત્ર યોજાયું હતું. ત્રણ હજારથી વધુ માછીમારોની સહભાગીતા સાથે યોજાયેલા આ કાર્યક્રમનો હેતુ યોગને દૈનિક જીવનમાં સામેલ કરવાનો હતો. આ કાર્યક્રમમાં ઉપસ્થિતિ યોગ શિક્ષકો અને ધારાસભ્યો અને ઉચ્ચ અધિકારીઓ યોગને જીવનચર્યામાં ઉતારવાની માછીમારોને અપીલ કરી હતી.

# FACT CHECK- RBI

સરકારે ભારતીય રિઝર્વ બેન્ક-RBI માર્ચ 2026 સુધીમાં 500 રૂપિયાની નોટોનું ચલણ બંધ કરશે તેવા યુટ્યુબ વિડિયોને ફગાવી દીધો છે. પ્રેસ

**ઈન્ફોર્મેશન બ્યુરોના ફેક્ટ ચેક એકમે સ્પષ્ટતા કરી છે કે, RBIએ આવી કોઈ જાહેરાત કરી નથી. તેમાં જણાવાયું છે કે, 500 રૂપિયાની નોટ બંધ કરાઇ નથી અને તે લીગલ ટેન્ડર છે. સરકારે લોકોને આવી ખોટી માહિતી પર ધ્યાન ન આપવા અને તેને શેર કરતા પહેલા સત્તાવાર સ્ત્રોતોમાંથી ચકાસણી કરવા સલાહ આપી છે.**

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

**ગોન્ગ મ્યુઝીક**

. . . . . . . . . . . . . . .

# S. KOREA ELECTION RESULT

**દક્ષિણ કોરિયાના વિપક્ષના નેતા લી જે-મ્યુંગ નવા રાષ્ટ્રપતિ બનશે. સત્તાવાર જાહેર થયેલા પરિણામોએ તેમની જીતે નિશ્ચિત કરી લીધી છે. તેમના મુખ્ય હરીફ વર્તમાન રાષ્ટ્રપતિ કિમ મૂન-સૂ કરતા તેઓ 20 લાખ મતોની ઘણી મોટી સરસાઇ ભોગવી રહ્યાં છે.**

અત્યાર સુધીના પરિણામો બાદ શાસક રૂઢિચુસ્ત પીપલ્સ પાવર પાર્ટીના નેતા, મૂને એક ભાષણમાં હાર સ્વીકારીને લીને તેમની જીત બદલ અભિનંદન પાઠવ્યા છે. દક્ષિણ કોરિયામાં છેલ્લા છ મહિનાથી ચાલતી અરાજકતાનો હવે આ પરિણામની સાથે અંત આવશે.

# ALL PARTY DELEGATION

આતંકવાદ સામે ભારતના સૈદ્ધાંતિક અને દૃઢ વલણનો સંદેશ લઈને આવેલા સાત બહુપક્ષીય પ્રતિનિધિમંડળોમાંથી, ત્રણ પ્રતિનિધિમંડળો હવે સંબંધિત દેશોની સફળ મુલાકાત પૂર્ણ કરીને ભારત પરત ફર્યા છે.

જેડી(યુ)ના સાંસદ સંજય ઝાના નેતૃત્વમાં પ્રતિનિધિમંડળ સિંગાપોર, જાપાન, દક્ષિણ કોરિયા, મલેશિયા અને ઇન્ડોનેશિયાની તેમની મુલાકાત પૂર્ણ કર્યા પછી ભારત પરત ફર્યું. મીડિયા સાથે વાત કરતા શ્રી ઝાએ કહ્યું કે સર્વપક્ષીય પ્રતિનિધિમંડળ મોકલવાનો સંદેશ એ હતો કે આખો દેશ આતંકવાદના મુદ્દા પર એક છે. NCP (SP) સાંસદ સુપ્રિયા સુલેના નેતૃત્વમાં બહુપક્ષીય પ્રતિનિધિમંડળે ઇજિપ્તની મુલાકાત દરમિયાન અગ્રણી બૌદ્ધિકો, મીડિયા નેતાઓ અને અભિપ્રાય નિર્માતાઓ સાથે વાતચીત કરી. પ્રતિનિધિમંડળે આતંકવાદ સામે લડવા માટે ભારતને આપવામાં આવી રહેલા ઇજિપ્તના સતત સમર્થનનું સ્વાગત કર્યું.

ભાજપ સાંસદ રવિશંકર પ્રસાદના નેતૃત્વમાં સંસદીય પ્રતિનિધિમંડળ હાલમાં બેલ્જિયમના બ્રસેલ્સમાં યુરોપિયન યુનિયનના મુખ્યાલયની મુલાકાતે છે. યુરોપિયન યુનિયન સ્તરે અને બેલ્જિયમના અધિકારીઓ સાથેની વાતચીતમાં આતંકવાદ અંગે ભારતના શૂન્ય સહિષ્ણુતા અભિગમની જાણકારી આપી હતી..

દરમિયાન, કોંગ્રેસના સાંસદ ડૉ. શશિ થરૂરના નેતૃત્વમાં સર્વપક્ષીય પ્રતિનિધિમંડળ વોશિંગ્ટન ડીસીમાં યુએસ કોંગ્રેસ અને વહીવટીતંત્ર, થિંક ટેન્ક, મીડિયા અને નીતિ નિર્માતાઓને મળવા પહોંચ્યા છે

# IPL CRICKET

IPLમાં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુએ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ફાઈનલ મેચમાં પંજાબ કિંગ્સને છ રને હરાવી પ્રથમ વખત ચેમ્પિયન બન્યું.

પ્રથમ બેટિંગ કરતાં, RCBએ નિર્ધારિત 20 ઓવરમાં નવ વિકેટે 190 રન બનાવ્યા હતા. જેમાં વિરાટ કોહલીએ સૌથી વધુ 43 રનનું યોગદાન આપ્યું હતું. જવાબમાં, પંજાબ કિંગ્સ 20 ઓવરમાં 184 રન બનાવી શકતા તેનો પરાજય થયો હતો. પંજાબ કિંગ્સ તરફથી શશાંક સિંઘે અણનમ 61 રન બનાવ્યા હતા. RCBના કૃણાલ પંડ્યાને અસાધારણ બોલિંગ માટે પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરાયા હતા.

આ વખતે ગુજરાત ટાઇટન્સના સાઇ સુદર્શનને સૌથી વધુ રન બનાવવા માટે ઓરેન્જ કેપ, જ્યારે પ્રસિદ્ધ કૃષ્ણાને સૌથી વધુ વિકેટ લેવા બદલ પર્પલ કેપ એવોર્ડ એનાયત થયો હતો. મુંબઈ ઈન્ડિયન્સના સૂર્ય કુમાર યાદવે સમગ્ર ટુર્નામેન્ટ દરમિયાન અસાધારણ બેટિંગ માટે મોસ્ટ વેલ્યુએબલ પ્લેયરનો પુરસ્કાર જીત્યો હતો.

# NOWERY CHESS

નોર્વે ચેસ સ્પર્ધા 2025માં, ભારતીય ગ્રાન્ડમાસ્ટર અર્જુન એરિગૈસીએ રાઉન્ડ આઠમાં જીત મેળવી છે. તેણે ગઈકાલે રાત્રે રસાકસીભરી રમતમાં અમેરિકન ગ્રાન્ડમાસ્ટર ફેબિયાનો કારુઆનાને હરાવ્યો હતો. અર્જુને હારની બાજીને જીતમાં ફેરવી દીધી હતી.

# PARAMVIR CHAKRA

જ્યારે આપણે ઓપરેશન સિંધૂરની સફળતાની ઉજવણી કરીએ છીએ, ત્યારે રાષ્ટ્ર ભારતીય સૈનિકોની બહાદુરીને સલામ કરે છે. સશસ્ત્ર દળોને શ્રદ્ધાંજલિ તરીકે આકાશવાણી સમાચાર વિભાગ એક વિશેષ શ્રેણી રજૂ કરી રહ્યું છે.

આજે આપણે પરમવીર ચક્ર પુરસ્કાર વિજેતા નાયક જાદુનાથ સિંહને આ અહેવાલ દ્વારા  યાદ કરીએ છીએ, જેમણે 1947-48ના ભારત-પાકિસ્તાન યુદ્ધ દરમિયાન સર્વોચ્ચ બલિદાન આપ્યું હતું.

(VOICE CAST :SAQLIN)

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે મયુર સોલંકી

1) આજે તમામ અખબારોએ IPLની ફાઇનલના સમાચારને હેડલાઇન બનાવ્યા છે.
2) ગુજરાત સમાચાર લખે છે બેંગલુરુ IPLમાં પ્રથમ વખત ચેમ્પિયન : પંજાબનું હાર્ટબ્રેક
3) નવગુજરાત સમય લખે છે કિંગ કોહલીનું સપનું પૂર્ણ:બેંગલોર IPL ચેમ્પિયન
4) દિવ્ય ભાસ્કરે પ્રથમ પાને લખ્યું 18 વર્ષે વિરાટ ઇચ્છાશક્તિનો વિજય
5) ઓપરેશન સિંદૂર અંગે સંદેશે CDS અનિલ ચૌહાણના નિવેદનને ટાંકીને લખ્યું કે ભારતે લડાઈ 8 કલાકમાં જ પૂરી કરી
6) આ જ સમાચારને પ્રથમ પાને સ્થાન આપતા ફૂલછાબ લખે છે પાકિસ્તાનને 8 કલાકમાં ઘૂંટણીયે લાવી દીધું
7) IAS અધિકારીની જગ્યા અંગે નવ ગુજરાત સમયે લખ્યું-રાજ્યમાં IASની કુલ જગ્યા 313થી વધારીને 343 કરવા કેન્દ્રમાં દરખાસ્ત
8) બુલેટ ટ્રેનની કામગીરી અંગે સંદેશે લખ્યું કે અમદાવાદથી વાપી સુધી બુલેટ ટ્રેનના વાયડક્ટનું કામ પૂર્ણ થયું
9) યુક્રેન અને રશિયાના યુદ્ધના સમાચાર અંગે ગુજરાત સમાચાર લખે છે કે યુક્રેને 1100 કિલો અંડર વોટર વિસ્ફોટકોથી ક્રીમિયા બ્રિજ ઉડાવ્યો.